# પરમ ઉપકારી ગુરૂદેવ નરેન્દ્ર મુનિ

## જેમનું ગુરૂતત્વ પરમતત્વ પ્રતિ લઈ જાય એવા ધ્યેયલક્ષી, અર્થસભર, પ્રેરણાભરી સમજની ઝલક

બે ઘડીની (48 મિનિટની) સામાયિકનું મહત્વ શું ?

માળા, જપ, પૂજા, પાઠ, અધ્યાયનું મહત્વ શું ?

મારા પરમ પૂજ્ય ગુરૂદેવ નરેન્દ્ર મુનિ કહેતા કે આ એક કલાકની સાધના એ આપણને બાકીના 23 કલાકમાં કેવી રીતે જીવવું એ શીખવાડી જાય છે. એક કલાકની સાધનાની અસર જો બાકીના ત્રેવીસ કલાક સુધી ન રહે તો, એ એક કલાકની સાધનાની કોઈ કિંમત નથી. એ ફક્ત અજ્ઞાન ક્રિયા છે. આધ્યાત્મિક (ધાર્મિક) જીવન અને વ્યવહારિક જીવન એ બન્નેને જુદા માનવા એ અજ્ઞાનતા છે. બન્નેને જુદા માનવા એ એક દ્વંદ્વ છે, લડાઈ છે અને એ લડાઈ, માનવીને સુખ અને શાંતિ પામવા નથી દેતી.

ગુરૂદેવ હંમેશા કહેતા કે મૃત્યુ પછી માણસ સ્વર્ગમાં જાય એ મહત્ત્વનું નથી, મહત્વનું એ છે કે તે જ્યાં જાય ત્યાં સ્વર્ગ જેવું, ધર્મમય વાતાવરણ ઊભું થાય.

ગુરૂદેવ કોણ હતા ?

તો આ પરમ ગુરૂદેવ નરેન્દ્રમુનિ કોણ હતા ? એમના જીવનના સિધ્ધાંતો શું હતા ? મારો એમની સાથેનો પરિચય શું હતો ? જીવનમાં મહત્વ શેનું છે, ધર્મનું કે ધર્મમય જીવનનું ? તે અંગે આ લેખમાં મારા ભાવ, મારી લાગણી વિનમ્રતાથી વ્યક્ત કરું છું.

24 જુલાઈ 2020ના રોજે, મારા પરમ ગુરૂદેવ, ગોંડલ સંઘાણી સંપ્રદાયના નાયક ગાદીપતિ બા.બ્ર.પૂ. નરેન્દ્રમુનિ મહારાજશ્રીને દેહ છોડ્યાને, દેવલોક પ્રયાણ કર્યાને દસ વર્ષ પુરાં થવાનાં છે, ત્યારે આ ઉપકારી ગુરૂ માટે હું મારા ભાવ વ્યક્ત કરવા માંગુ છું, એમના ચારિત્રની, મારી સમજણ મુજબ થોડીક ઝલક આપવા

માંગુ છું, એમના સિધ્ધાંતો તથા સાધનાની થોડીક વાતો કરવા માંગુ છું કે એ ગુરૂતત્વ આપણા જીવનને પરમતત્વ તરફ કેવી રીતે લઈ જાય એવો નાનો પ્રયાસ કરવા માંગુ છું.

ગુરૂદેવ નરેન્દ્રમુનિ ગોંડલ સંપ્રદાયના પંડિતરત્ન પૂ. બેચરજી સ્વામીની પરંપરાના સુશિષ્ય હતા. આ પૂ. બેચરજી સ્વામી એટલે એ જ કે જેમણે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીને વિલાયત ભણવા જતાં પહેલાં માંસ, મદિરા અને સ્ત્રીસંગથી દૂર રહેવાની ત્રણ પ્રતિજ્ઞા આપેલ. ગુરૂદેવ નરેન્દ્રમુનિ શ્રીમદ્ રાજચંદ્રના સંસાર પક્ષે માસિયાઈ ભાઈ હતા.

આજીવન ઉત્કૃષ્ટ ચરિત્રમાં રહીને આત્મ સાધનામાં ક્યારેય પણ એમણે શરીરની અનુકૂળતાનો મોહ રાખ્યો નહોતો.

ગુરૂદેવ નરેન્દ્રમુનિએ આજથી 46 વર્ષ પૂર્વે (ત્યારે મારી ઉંમર 16 વર્ષની હતી) મારી આંગળી પકડી, મને આ જીવનમાં ચાલતા શીખવાડ્યું. અમારો સંબંધ લગભગ 36 વર્ષ રહ્યો. અને ત્યારબાદ મને પૂ. મા સ્વામી જયવિજયાજીને સોંપતા ગયા.

ગુરૂત્વની ઝલક

ગુરૂ ઉપર સંપૂર્ણપણે નિર્ભર રહેનાર એવા મારા વ્યક્તિત્વમાંથી જ્યારે મા-સ્વામીએ વિદાય લીધી (ડિસેમ્બર 15, 2017) ત્યારે ગુરૂ અને ગુરૂત્વની એક ઝલકની અનુભૂતિ મારા જીવનમાં આવી. આજે આ દેવ-ગુરૂ-ધર્મની થોડીક વાતો મારા ગુરૂદેવની દસમી પુણ્યતિથિએ ભાવભરી ભાવાંજલિ રૂપે કરવી છે.

“તું તારા ભાવમાં રહે,

એને એના ભાવમાં રહેવા દે,

એને કારણે તું,

તારા ભાવ ન બગાડ”

આવું ધ્યેયલક્ષી, અર્થસભર અને પ્રેરણાભર્યું અંતિમ સૂત્ર આપનાર, એ ગુરૂભગવંત સાથે ગાળેલ સમય દરમ્યાન મળેલ, સમજેલ અનુભવ અનુભૂતિને મારા શબ્દોમાં મૂકવાની કોશિશ કરૂં છું.

1) જીવન જીવવાની કળા

ધર્મ એટલે જીવન જીવવાની કળા, હર સમય, હર પળ સુખ, શાંતિ અને આનંદમય જીવવું એ જ સ્વર્ગ છે. એ જ મોક્ષ છે. ધર્મનું મહત્વ નથી, ધર્મમય જીવવનું મહત્વ છે. ધર્મ ગોખીને કરી શકાય, ધર્મ ક્રિયાથી કરી શકાય પરંતુ ધર્મમય જીવન આ ધર્મનાં આદર્શોને જીવનમાં ઉતારીને જ કરી શકાય. મોક્ષમાર્ગ કોઈ પરલૌકિક નથી, પરંતુ વર્તમાન જીવનમાં જેટલી શાંતિ, જેટલો આનંદ અને જેટલું ચૈતન્ય સ્ફુરિત થાય છે એ જ મોક્ષ છે. જીવનની સહજતા એ મોક્ષ છે. ઈન્દ્રિયો અને મનનું વશીકરણ એ મોક્ષ છે.

2) ધર્મનું અંતિમ ચરણ

ધર્મ એટલે પાપ અને પુણ્ય નથી. પાપ એ ડરાવવાનું પગથિયું છે અને પુણ્ય એ પ્રલોભનનું. નરકનું દુઃખ અને સ્વર્ગનું સુખ, દુર્ગતિનો ભય અને સદ્દગતિની લાલચ, આ બધું શરૂઆતમાં જરૂરી છે. પરંતુ ધર્મનું અંતિમ ચરણ એટલે ડર અને પ્રલોભન વગરનું જીવન. જ્યાં ડર અને લોભ હોય ત્યાં સુખ, આનંદ અને શાંતિ ન હોય. ધર્મ એટલે ચિત્તની પ્રસન્નતા, નિર્ભયતા અને નિર્દોષતા.

3) દાન-તપ-શીલ

દાન-તપ-શીલ અ આપણા જીવનમાં ભાવ પરિવર્તીત કરે છે. પૈસા, પદાર્થ અને અંતે શરીરનો(દેહનો) મોહ ઓછો કરી, અંતે તેને નષ્ટ કરે છે. અને અંતે એ ત્યાગનો અહંકાર પણ દૂર કરે છે. શરૂઆતમાં સાધના કરવી પડે, સ્વભાવ પરિવર્તન કરવો પડે, પરંતુ પછી એ સહજ સ્વભાવ બની જાય.

4) જ્ઞાનની સાચી સમજણ

સમ્યકજ્ઞાન એટલે સાચી સમજણ જે પોતાના અનુભવે અનુભૂતે મારફતે નાભિ દ્વારા ઉદ્દભવે છે. પોતાનું જાતે અનુભવેલું જ્ઞાન હોવાથી, આપણી શ્રધ્ધા એમાં પૂર્ણપણે હોય છે. આ છે સમ્યકદર્શન. અને આને આચરણમાં જાગૃતપણે કે

સજાગપણે લાવવું એટલે સમ્યકચારિત્ર. આ પ્રમાણે જીવન જીવવાથી આપણા ભાવ પરિવર્તીત થવા લાગે છે. આપણું જીવન સંપૂર્ણપણે સમ્યકભાવમય બની જાય છે. શુધ્ધતા, નિર્મળતા આપણો સ્વભાવ બની જાય છે.

5) ધર્મ-દર્શનનો સાર

ધર્મનું અંતિમચરણ એટલે જ્ઞાતાભાવ, દ્રષ્ટાભાવ, સહજભાવ, સમતાભાવ, સમભાવ, ગમા-અણગમાનો અભાવ, પ્રિય-અપ્રિયભાવની સમાપ્તિ, સાક્ષીભાવ વગેરે વગેરે. ધર્મનું અંતિમ ચરણ એટલે પરિસ્થિતિનો સ્વીકારભાવ. ધર્મનું અંતિમચરણ એટલે રાગ- દ્વેષ રહિત. ધર્મનું અંતિમચરણ એટલે ના અહં, ના મમ. સમગ્ર ધર્મ અને દર્શનનો સાર આ સૂત્રમાં આવી જાય છે.

6) સમાધિ જીવન

પુનર્જન્મ છે કે નહીં, એ આપણે જાણતા નથી. દેવલોક, સ્વર્ગ, નર્ક અને મોક્ષ જોઈને, કોઈ પાછું આવેલ નથી. પરંતુ સ્વભાવ શુધ્ધિ, અંતરની ઉદારતા, હૃદયની વિશાળતા અને શુધ્ધ ચારિત્ર, એ આજે અને અત્યારે જ દેવલોક, સ્વર્ગ અને મોક્ષનું સુખ આપી શકે એમ છે. આપણી પોતાની સુખ-શાંતિની અનુભૂતિ એ જ એની સત્યતાનું પ્રમાણ છે. ગુરૂદેવ કહેતા સમાધિ મૃત્યુ નહીં, સમાધિ જીવન જીવતા શીખ. સમાધિમય જીવનની પ્રેરણા અને સમજ આપનાર ગુરૂદેવે સમાધિમય જીવન જીવીને, સહજતાથી પ્રભુધ્યાનમાં હાથમાં માળા સાથે પ્રતિક્રમણમાં સ્વેચ્છાએ દેહ ત્યાગ કર્યો હતો.

7) અંતરાત્માનો અવાજ

આ દુનિયામાં અંતરાત્માનો અવાજ અને દ્રષ્ટિનો ઉઘાડ જે ક્રોધને કરૂણામાં, માનને નમ્રતામાં, માયાને ઋજુતામાં અને લોભને ઉદારતામાં ફેરવી નાખે છે, તે જ સાચું જીવન છે, તે જ સાચો ધર્મ છે, તે જ સાચી માનવતા છે.

ગુરૂદેવ હંમેશા કહેતા આ સમગ્ર બ્રહ્માંડમાં કોઈપણ જીવને, પ્રાણીને તું તારા જેવો બન એમ કહેવું નથી પડતું. આપણે વાંદરાને, તું વાંદરો બન એમ કહેતા નથી. તે તેના મૂળ સ્વભાવમાં જ રહે છે. એક મનુષ્ય જ એવું પ્રાણી છે જેને કહેવું પડે છે કે "હે મનુષ્ય, તું માનવ બન."

આવું ધર્મમય જીવન જીવનાર અને આવા ધર્મમય જીવનની સમજ અને પ્રેરણા આપનાર મારા ગુરૂદેવ પ.પૂ.શ્રી નરેન્દ્રમુનિને એમની દસમી પુણ્યતિથિએ ભાવભરી ભાવાંજલિ આપી, લાખ લાખ વંદન કરી, એમના બતાવેલ માર્ગ પર ચાલીએ, એ જ અભ્યર્થના.